ક્રમાંક:મા.વિ.૧/વિ.પ્ર/૨૦૨૦-૨૧/ ૧૦૬૫૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર,
તા.૧૭/૬/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ ઉ.માધ્યમિક શાળાઓ,
બનાસકાંઠા.

**વિષય:-ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાનપ્રવાહ(ધો.૧૧)માં શૈક્ષણિક સત્ર જૂન-૨૦૨૦ થી પ્રવેશ આપવા બાબત.**

સંદર્ભ:-(૧)ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/પ્રવેશ/ ૨૦૧૦૭/૧૯૭૪-૨૦૧૨,તા.૨૯/૦૫/૨૦૧૭
(૨)ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૨૦૦-૩૬,તા.૧૯/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે બનાસકાંઠા જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૧૧ના વિજ્ઞાનપ્રવાહમાં વિધાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓને અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવામાં આવેલ છે.તે નીચે મુજબ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો રાખવું.

(૧)ધો.૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે પાંચ મુખ્ય વિષયો (પ્રથમ ભાષા,દ્વિતીય ભાષા,ગણિત,વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન)માં મેળવેલ ગુણ અને ત્રણ વિષયો (ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી)ની યાદી માંથી બંનેની ટકાવારીમાં જેની ટકાવારી વધારે હોય તે ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી)બનાવી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,બનાસકાંઠા,પાલનપુર પાસે મંજુર કરાવીને જ શાળાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરીને પ્રવેશ આપવો.

(૨)ધો.૧૧ વિજ્ઞાનપ્રવાહના એક વર્ગદીઠ નીચે પ્રમાણે વિધાર્થી સંખ્યા રહેશે.

-પોતાની શાળામાં- ૨૫ વિધાર્થીઓ(૨૫ વિધાર્થીઓમાં અનામત કક્ષાના વિધાર્થીઓ મેરીટમાં આવતા હોય તો પ્રવેશ આપવાનો રહેશે.)

-અન્ય શાળાના - ૦૬ વિધાર્થીઓ (૦૬ વિધાર્થીઓમાં અનામત કક્ષાના વિધાર્થીઓ મેરીટમાં આવતા હોય તો પ્રવેશ આપવાનો રહેશે.)

-અનામત કક્ષાના- ૪૪ વિધાર્થીઓ (કેન્દ્રિકૃત પ્રવેશ પધ્ધતિથી મેરીટ પ્રમાણે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દવારા પ્રવેશ આપવામાં આવશે.)

કુલ............ ૭૫ વિધાર્થીઓ

(૩)પોતાની શાળાના ૨૫ વિધાર્થીઓના મળે તો ખાલી રહેતી જગ્યા પર અન્ય શાળાના વિધાર્થીઓને પ્રવેશ આપવો.

(૪)અન્ય શાળાના ૦૬ વિધાર્થીઓ ન મળે તો મેરીટ પ્રમાણે પોતાની શાળાના વિધાર્થીઓને પ્રવેશ આપવો.

Scanned by CamScanner

(૫)શાળાઓમાં પ્રવેશ આપવા અંગે નીચે મુજબના કાર્યક્રમ અનુસાર પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | શાળા કક્ષાએ ફોર્મ વિતરણ તારીખ અને સ્વીકારવાની તારીખ | તા.૨૨/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ |
| ૨ | પ્રથમ યાદી કચેરીએથી મંજુર કરાવવાની તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૦ |
| ૩ | પ્રથમ મેરીટ પ્રવેશ યાદી નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૦ |
| ૪ | પ્રથમ મેરીટ પ્રવેશ યાદીની ફી સ્વીકારવાની તથા પ્રવેશ આપવાની તારીખ | તા.૦૩/૦૭/૨૦૨૦થી તા.૦૬/૦૭/૨૦૨૦ |
| ૫ | બીજી યાદી કચેરીએથી મંજુર કરાવવાની તારીખ | તા.૦૮/૦૭/૨૦૨૦ |
| ૬ | બીજી મેરીટ પ્રવેશ યાદી નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૦૯/૦૭/૨૦૨૦ |
| ૭ | બીજી મેરીટ પ્રવેશ યાદીની ફી સ્વીકારવાની તથા પ્રવેશ આપવાની તારીખ | તા.૧૦/૦૭/૨૦૨૦ થી તા.૧૩/૦૭/૨૦૨૦ |
| ૮ | ત્રીજી યાદી કચેરીએથી મંજુર કરાવવાની તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૦ |
| ૯ | ત્રીજી મેરીટ પ્રવેશ યાદી નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૦ |
| ૧૦ | ત્રીજી મેરીટ પ્રવેશ યાદીની ફી સ્વીકારવાની તથા પ્રવેશ આપવાની તારીખ | તા.૧૬/૦૭/૨૦૨૦થી તા.૨૦/૦૭/૨૦૨૦ |

ઉપરોક્ત કાર્યક્રમ અનુસાર પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે અને તેની બધી જ મેરીટ યાદી આ કચેરીના શિક્ષણ નિરીક્ષક શ્રી કે.એચ.પઢાર પાસે મંજુર કરાવવાની તથા તેની એક નકલ જમા કરાવવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner